# ગ્રામીણ કૃષિ મૌસમ સેવા
# હવામાન આગાહી આધારીત કૃષિસલાહ બુલેટીન
# ઉતર સૌરાષ્ટ્રખેત આબોહવાકીય વિભાગ
# તા.૧૦-૦૬-૨૦૨૦ થી તા.૧૪-૦૬-૨૦૨૦

(ગ્રામીણ કૃષિ મૌસમ સેવા ,સૂકી ખેતી સંશોધન કેન્દ્ર ,જુ.કૃ.યુ,.તરઘડિયા અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

**કૃષિ હવામાન બુલેટીન નં.૨૧/૨૦૨૦**

પાછલા અઠવાડીયાનું **રાજકોટનું** હવામાન

| હવામાન પરિબળો | |
|---|---|
| વરસાદ(મી.મી) | 26.8 |
| મહતમ તાપમાન( સે.ગ્રે) | 33.1-39.5 |
| લઘુતમ તાપમાન( સે.ગ્રે) | 20.4-23.5 |
| ભેજ (%)સવાર | 84-89 |
| ભેજ (%)બપોરબાદ | 37-96 |
| પવનની ગતિ( કિમી/કલાક) | 2.6-8.5 |

**હવામાન આગાહી :પત્રક-ક**

**ઉતરસૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિભાગ-હવામાન આગાહી**

**તા.૧૦-૦૬-૨૦૨૦ થી ૧૪-૦૬-૨૦૨૦**

**કૃષિ સલાહ :**

**સામાન્ય**

- ભારત સરકારશ્રીના હવામાન ખાતા તરફથી મળેલ હવામાન માહિતી અનુસાર અત્રેના ગ્રામીણકૃષિ મૌસમ સેવા વિભાગ, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી ,તરઘડીયા તરફથી જણાવવામાં આવે છે કે ,ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના

રાજકોટ :જીલ્લામાં આગામી તા.૧૦-૦૬-૨૦૨૦ થી તા.૧૪-૦૬-૨૦૨૦ દરમ્યાન હવામાન ગરમ, ભેજવાળું અને વાદળછાયું રહશે. તા. ૧૦ ના રોજ અતિ ભારે અને તા. ૧૧ થી ૧૪ ના રોજ હળવો થી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. પવનની દિશા પશ્ચિમની રહેવાની અને પવનની ઝડપ ૧૪ થી ૧૮ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૪-૩૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૪-૨૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૧૦-૦૬-૨૦ | દિવસ-૨ ૧૧-૦૬-૨૦ | દિવસ-૩ ૧૨-૦૬-૨૦ | દિવસ-૪ ૧૩-૦૬-૨૦ | દિવસ-૫ ૧૪-૦૬-૨૦ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી.) | 70 | 30 | 30 | 10 | 15 |
| મહતમતાપમાન( સે.ગ્રે) | 34 | 35 | 34 | 34 | 35 |
| લઘુતમતાપમાન( સે.ગ્રે) | 25 | 25 | 24 | 25 | 25 |
| વાદળનીસ્થિતિ( ઓકટા) | 7 | 7 | 7 | 5 | 5 |
| મહતમભેજ (%)સવાર | 71 | 75 | 73 | 70 | 68 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| લઘુતમભેજ (%) બપોરબાદ | 44 | 43 | 46 | 41 | 40 |
| પવનનીગતિ(કિમી/કલાક) | 17 | 17 | 18 | 17 | 14 |
| પવનનીદિશા(ડીગ્રી) | 265 | 259 | 253 | 253 | 250 |

મોરબી :જીલ્લામાં આગામી તા.૧૦-૦૬-૨૦૨૦ થી તા.૧૪-૦૬-૨૦૨૦ દરમ્યાન હવામાન ગરમ, ભેજવાળું અને વાદળછાયું રહશે. તા. ૧૦ અને ૧૪ ના રોજ ભારે અને તા. ૧૧ થી ૧૩ ના રોજ હળવો થી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. પવનની દિશા નૈઋત્ય અને પશ્ચિમની રહેવાની અને પવનની ઝડપ ૧૬ થી ૧૯ કીમી/કલાક રહેવાની શક્યતા છે . આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૪-૩૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૪-૨૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૧૦-૦૬-૨૦ | દિવસ-૨ ૧૧-૦૬-૨૦ | દિવસ-૩ ૧૨-૦૬-૨૦ | દિવસ-૪ ૧૩-૦૬-૨૦ | દિવસ-૫ ૧૪-૦૬-૨૦ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી.) | 40 | 30 | 10 | 30 | 50 |
| મહતમતાપમાન( સે.ગ્રે) | 34 | 35 | 34 | 34 | 35 |
| લઘુતમતાપમાન( સે.ગ્રે) | 25 | 25 | 24 | 25 | 25 |
| વાદળનીસ્થિતિ( ઓકટા) | 7 | 7 | 7 | 5 | 5 |
| મહતમભેજ (%)સવાર | 70 | 67 | 66 | 71 | 80 |
| લઘુતમભેજ (%) બપોરબાદ | 41 | 39 | 36 | 36 | 42 |
| પવનનીગતિ(કિમી/કલાક) | 17 | 17 | 18 | 16 | 19 |
| પવનનીદિશા(ડીગ્રી) | 228 | 263 | 259 | 245 | 226 |

દેવભૂમિ દ્વારકા; જીલ્લામાં આગામી તા.૧૦-૦૬-૨૦૨૦ થી તા.૧૪-૦૬-૨૦૨૦ દરમ્યાન હવામાન ગરમ, ભેજવાળું અને વાદળછાયું રહશે. તા. ૧૦ ના રોજ અતિ ભારે અને ૧૧ થી ૧૪ ના રોજ હળવા થી મધ્યમ વરસાદ થવાની શક્યતા છે. પવનની દિશા પશ્ચિમ અને નૈઋત્યની રહેવાની અને પવનની ઝડપ ૧૧ થી ૧૯ કીમી/કલાક રહેવાની શક્યતા છે. આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૩-૩૩ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૯-૩૦ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૧૦-૦૬-૨૦ | દિવસ-૨ ૧૧-૦૬-૨૦ | દિવસ-૩ ૧૨-૦૬-૨૦ | દિવસ-૪ ૧૩-૦૬-૨૦ | દિવસ-૫ ૧૪-૦૬-૨૦ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી.) | 65 | 20 | 10 | 10 | 15 |
| મહતમતાપમાન( સે.ગ્રે) | 33 | 33 | 33 | 33 | 33 |
| લઘુતમતાપમાન( સે.ગ્રે) | 30 | 30 | 30 | 30 | 29 |
| વાદળનીસ્થિતિ( ઓકટા) | 2 | 3 | 3 | 6 | 7 |
| મહતમભેજ (%)સવાર | 77 | 79 | 77 | 76 | 77 |
| લઘુતમભેજ (%) બપોરબાદ | 53 | 55 | 57 | 57 | 55 |
| પવનનીગતિ(કિમી/કલાક) | 15 | 18 | 19 | 15 | 11 |
| પવનનીદિશા(ડીગ્રી) | 267 | 253 | 249 | 243 | 254 |

| | |
|---|---|
| | સુરેન્દ્રનગર :જીલ્લામાં આગામી તા.૧૦-૦૬-૨૦૨૦ થી તા.૧૪-૦૬-૨૦૨૦ દરમ્યાન હવામાન ગરમ, ભેજવાળું અને વાદળછાયું રહશે. તા. ૧૦ ના રોજ ભારે અને તા. ૧૧ થી ૧૪ ના રોજ હળવો થી મધ્યમ વરસાદ થવાની શકયતા છે. પવનની દિશા પશ્ચિમની રહેવાની અને પવનની ઝડપ ૧૭ થી ૨૦ કીમી/કલાક રહેવાની શકયતા છે. આ સમય ગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૪-૩૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૪-૨૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે. |

| તારીખ / પેરામીટર | દિવસ-૧ ૧૦-૦૬-૨૦ | દિવસ-૨ ૧૧-૦૬-૨૦ | દિવસ-૩ ૧૨-૦૬-૨૦ | દિવસ-૪ ૧૩-૦૬-૨૦ | દિવસ-૫ ૧૪-૦૬-૨૦ |
|---|---|---|---|---|---|
| વરસાદ(મી.મી.) | 40 | 20 | 10 | 10 | 10 |
| મહતમતાપમાન( સે.ગ્રે) | 34 | 35 | 34 | 34 | 35 |
| લઘુતમતાપમાન( સે.ગ્રે) | 25 | 25 | 24 | 25 | 25 |
| વાદળનીસ્થિતિ( ઓકટા) | 7 | 7 | 7 | 5 | 5 |
| મહતમભેજ (%)સવાર | 71 | 73 | 71 | 69 | 66 |
| લઘુતમભેજ (%) બપોરબાદ | 45 | 43 | 45 | 40 | 39 |
| પવનનીગતિ(કિમી/કલાક) | 18 | 20 | 17 | 19 | 19 |
| પવનનીદિશા(ડીગ્રી) | 267 | 263 | 260 | 261 | 251 |

- ૧૦ થી ૧૪-જુન -૨૦૨૦ દરમ્યાન હવામાન ગરમ, ભેજવાળું અને વાદળછાયું રહશે. રાજકોટ જીલ્લામાં તા. ૧૦ ના રોજ અતિ ભારે અને તા. ૧૧ થી ૧૪ ના રોજ હળવો થી મધ્યમ વરસાદ થવાની શકયતા છે, મોરબી જીલ્લામાં તા. ૧૦ અને ૧૪ ના રોજ ભારે અને તા. ૧૧ થી ૧૩ ના રોજ હળવો થી મધ્યમ વરસાદ થવાની શકયતા છે, દેવભૂમિ દ્વારકા જીલ્લામાં તા. ૧૦ ના રોજ અતિ ભારે અને ૧૧ થી ૧૪ ના રોજ હળવા થી મધ્યમ વરસાદ થવાની શકયતા છે અને સુરેન્દ્રનગર જીલ્લામાં તા. ૧૦ ના રોજ ભારે અને તા. ૧૧ થી ૧૪ ના રોજ હળવો થી મધ્યમ વરસાદ થવાની શકયતા છે. પવનની દિશા નૈઋત્ય અને પશ્ચિમની મોટાભાગે રહેવાની અને પવનની ઝડપ ૧૧ થી ૨૦ કીમી/કલાક રહેવાની શકયતા છે. આ સમયગાળામાં મહતમ તાપમાન દિવસ દરમ્યાન ૩૩-૩૫ ડીગ્રી સેલ્શીયસ જેટલું તેમજ લઘુતમ તાપમાન રાત્રી દરમ્યાન ૨૪-૨૯ ડીગ્રી સેલ્શીયસ જેટલું રહેવાની સંભાવના છે.
- કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા ખેતી કર્યો અને ખેત પેદાશના વેચાણ અને બીજ, ખાતર અને દવાઓની ખરીદી દરમ્યાન મોં પર કપડું (માસ્ક) બાંધી રાખવું અને બે વ્યક્તિ વચ્ચે ૬ થી ૭ ફૂટ અંતર જાળવવું.
- જે વિસ્તારમાં વાવણી લાયક વરસાદ થયેલ હોય ત્યાં મગફળી,કપાસ, બાજરી અને કઠોળ પાકોનું વાવેતર સમયસર પૂર્ણ કરવું.
- જમીન જન્ય રોગનો ઉપદ્રવ થાય નહિ તે માટે દરેક પાકના બીજને મેન્કોઝેબ અથવા થાયરમ અથવા વીટાવેક્ષ પૈકી કોઈ એક દવાનો ૨-૨.૫ ગ્રામ પ્રતિ કિલ્લો બીજ મુજબ પટ આપવો.
- કઠોળ વર્ગના પાકોના બીજને પ્રવાહી રાહીઝોબીયમ અને પી.એસ.બી. જૈવિક ખાતરના કલ્ચરનો ૧૦-૧૫ મી.લી. પ્રતિ કિલ્લો બીજ મુજબ પટ આપવો. જો ફૂગનાશક દવાનો પટ આપેલ હોય તો જૈવિક ખાતરનું પ્રમાણ બમણું રાખવું.

➢ વરસાદી હવામાન હોય કોઈ પણ જાતની દવા કે ખાતરનો પાક પર છંટકાવ કરવો નહિ.

## તીડના આક્રમણને રોકવા માટેના પગલાં

ખેડૂત મિત્રોને જાણ કરવામાં આવે છે કે જો તીડનો ઉપદ્રવ હોય તો નીચે મુજબના પગલા ભરવા.

આ તીડના ઝુંડ ખેતરમાં બેસતા અટકાવવા તથા ખેતરમાંથી ઉડાડવા માટે ખાલી ડબ્બા, ઢોલ વગાડવો. ખાલી ખેતરમાં ટ્રેકટર કલ્ટીવેટર અથવા રોટાવેટર ચલાવી તીડ તથા ઇંડાનો નાશ કરી શકાય છે પ્રકાશપીંજર લગાવી થોડે .ઘણે અંશે નિયંત્રણ મેળવી શકાય.







આ તીડના જુંડ સાંજે ૬ થી ૭ જમીન પર બેસે છે અને સવારે ૩ થી ૭૩૦ દરમિયાન ઉડવાનું : .શરુ કરે છેઆ સમયગાળામાં ટ્રેક્ટર મોટર સાયકલ માઉન્ટેડ કે ફૂટ પમ્પથી/નીચે મુજબની જંતુનાશક દવાનો છંટકાવ કરવાથી નિયંત્રણ મેળવી શકાય છે % કલોરપાયરીફોસ ૨૦ .ઈ૧૨૦૦ મિલિ .સી. .સી ૪૮૦ મિલિ અથવા ડેલ્ટામેથ્રીન ૧.ઈ % અથવા કલોરપાયરીફોસ ૫૦૨૫ સી ૧૪૦૦ ..એસ % મિલિ અથવા ડાયફ્લુબેન્ઝુરોન ૨૫ .ઈ %૧૨૫ ગ્રામ અથવા લેમડાસાયલોથ્રીન ૫ .ડબલ્યુ પી %સી ૬૦૦ મિલી અથવા લેમડાસાયલોથ્રીન ૧૦ ૨૦૦ ગ્રામ પ્રતિ હેક્ટર પ્રમાણે છંટકાવ .ડબલ્યુ પી % .કરવોતીડે ઈંડા જ્યાં મુક્યા હોઈ ત્યાં મેલાથીઓન ૫ ની ૨૫ કિલો પ્રતિ હેક્ટર પ્રમાણે .પી.ડી % છંટકાવ કરવો. તીડના નિયંત્રણ માટે દવાનો છંટકાવ કરેલ સ્થળે માનવ અને પશુઓના પ્રવેશની મનાઈ કરવી . લીંબડાનું તેલ ૪૦ મિલિકપડા ધોવાનો પાવડર ૧૦ ગ્રામ અથવા લીંબડા આધારિત તૈયાર કીટનાશક + .૪૦ મિલિ ૧૦ લીટર પાણીમાં ઉમેરી બનાવેલ દ્રાવણનો છંટકાવ કરવો

| મુખ્ય પાક | પાક અવસ્થા | રોગ/જીવાત/જાત | કૃષિ સલાહ<br>(૧૦ લીટરપાણીમાં મિશ્ર કરી ભલામણ કરેલ દવા છાંટવી ) |
|---|---|---|---|
| ચોમાસું મગફળી | વાવેતર | વેલડી જીજી-૧૭<br>અર્ધ વેલડી જીજી-૨૦, જીજી-૨૨<br>ઉભડી –જીજી-૨, જીજેજી-૩૨, ટીજી-૫૧<br>ટીએજી-૨૪, ટીએલજી-૪૫, | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર મગફળીનું વાવેતર પુર્ણ કરવું.<br>• મગફળીમાં વાવેતર સમયે સિંગલ સુપર ફોસ્ફેટ ૧૫૬ કી.ગ્રા./હે., એમોનીયમ સલ્ફેટ ૬૨ કી.ગ્રા./હે., અને એરંડીનો ખોળ ૫૦૦ કી.ગ્રા./હે. અથવા ડી.એ.પી. ૫૪ કી.ગ્રા. અને જીપ્સમ ૫૦૦ કી.ગ્રા./હે. સાથે એરંડીનો ખોળ ૫૦૦ કી.ગ્રા./હે. પાયામાં આપવો.<br>• મગફળીમાં સફેદ મુંડાનાં નિયંત્રણ માટે ક્લોરોપાયરીફોસ ૨૦ % ઈસી દવાનો ૨૫ મિલી ૧ કી.ગ્રા. બીજને વાવેતર પહેલા પટ આપવો.<br>• મગફળીના બીજને વાવતી વખતે થાયરમ અથવા મેન્કોઝેબ અથવા વાયટાવેક્ષ દવાનો ૨-૩ ગ્રામ/કી. મુજબ પટ આપવો.<br>• તેમજ ટ્રાયકોડર્મા ફૂગનો પાવડર ૨.૫ કી.ગ્રા./હે મુજબ ૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| | | | કી.ગ્રા./હે એરંડીનાં ખોળ સાથે મિશ્ર કરી પાયામાં વાવણી સમયે આપવો. |
| કપાસ | વાવેતર | કપાસ બોલગાર્ડ-૨ ની પ્રમાણિત જાતો જેવી કે **વહેલી પાકતી જતો :** ગુજરાત શંકર-૮,એટીએમ, ફર્સ્ટ ક્લાસ,૭૫૭૬, વી-૩૩૩, જાદુ, જય, સરજુ, સુરક્ષા, બળવાન, ભક્તિ, ભદ્રા, આરસીએચ-૭૭૯ **મધ્યમ મોડી પાકતી જાતો :** ગુજરાત શંકર-૬, એગ્રીટોપ-૪૪૪, એગ્રીટોપ-૭૭૭ , સોલાર-૭૬, મલ્લિકા,આરસીએચ-૬૫૯, અજીત-૧૫૫ | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર કપાસનું વાવેતર પુર્ણ કરવું.<br>• કપાસમાં વાવેતર સમયે ડી.એ.પી. ૫૫ કી.ગ્રા. અને મયુરેટ ઓફ પોટાશ ૧૨૫ કી.ગ્રા./હે. પાયામાં આપવું.<br>• અનિયમિત વરસાદનું જોખમ ઓછું કરવા કપાસના પાકમાં તલ, મગફળી, સોયાબીન, કઠોળ જેવા પાકોનું આંતર પાક તરીકે વાવેતરનું આયોજન કરવું. |
| તલ | વાવેતર | ગુજરાત તલ- ૨, ગુજરાત તલ-૩, અને ગુજરાત તલ-૫ | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર તલનું વાવેતર પુર્ણ કરવું.<br>• તલના પાકને વાવેતર સમયે ડી.એ.પી. ૫૪ કી.ગ્રા. અને મયુરેટ ઓફ પોટાશ ૬૭ કી.ગ્રા./હે. પાયામાં આપવું. |
| બાજરી | વાવેતર | જીએચબી-૫૫૮ જીએચબી-૫૩૮, જીએચબી-૫૭૭, જીએચબી-૭૧૯, જીએચબી-૭૩૨ અને જીએચબી-૭૪૪ | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર બાજરીનું વાવેતર પુર્ણ કરવું.<br>• બાજરીના પાકને વાવેતર સમયે ડી.એ.પી. ૮૭ કી.ગ્રા. અને યુરિઆ ૫૩ કી.ગ્રા./હે. પાયામાં આપવું. |

| | | | |
|---|---|---|---|
| મગ | વાવેતર | ગુજરાત મગ-૪, કે-૮૫૧, ગુજરાત આણદ મગ-૫ | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર મગનું વાવેતર પુર્ણ કરવું.<br>• મગના પાકને વાવેતર સમયે ડી.એ.પી. ૮૭ કી.ગ્રા. /હે. પાયામાં આપવું. |
| અડદ | વાવેતર | ગુજરાત અડદ –૧, ૨ | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર અડદનું વાવેતર પુર્ણ કરવું.<br>• અડદના પાકને વાવેતર સમયે ડી.એ.પી. ૮૭ કી.ગ્રા. /હે. પાયામાં આપવું. |
| ચોળી | વાવેતર | ગુજરાત ચોળા –૧,૨,૪ અને પૂસા ફાલ્ગુની | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર ચોળીનું વાવેતર પુર્ણ કરવું.<br>• ચોળીના પાકને વાવેતર સમયે ડી.એ.પી. ૮૭ કી.ગ્રા. /હે. પાયામાં આપવું. |
| તુવેર | વાવેતર | તુવેર માટે બીડીએન-૨, ગુજરાત તુવેર –૧૦૦, ગુજરાત તુવેર હાઈબ્રીડ-૧, | • વાવણી લાયક વરસાદ હોય ત્યાં સમયસર તુવેરનું વાવેતર પુર્ણ કરવું.<br>• તુવેર ના પાકને વાવેતર સમયે ડી.એ.પી. ૮૭ કી.ગ્રા. /હે. પાયામાં આપવું. |
| શાકભાજી | ધરું ઉછેર/રોપણી વાવેતર | • મરચી,ટમેટી, રીંગણ, અને કોબીઝના ધરું તૈયાર કરવા (ગ્રીન શેડ નેટમાં અને નેટની ઊંચાઈ ૬.૫ ફૂટ રાખવી) ગાદી ક્યારા બનાવી તેમાં બીજનું વાવેતર કરવું.<br>• જમીન જન્ય ફૂગનો ઉપદ્રવ ના થાય તે માટે બીજને મેન્કોઝેબ અથવા થાયરમ અથવા વીટાવેક્ષ પૈકી કોઈ એક દવાનો ૨-૨.૫ ગ્રામ પ્રતિ કિલ્લો બીજ મુજબ પટ આપવો. તેમજ વાવેતર બાદ ૧૦-૧૫ દિવસે મેન્કોઝેબ ૭૫ % વે.પા.નું ૨.૫ ગ્રામ પ્રતિ લીટર પાણીમાં મિશ્ર કરી ધરુના ક્યારામાં ડ્રેન્ચિંગ કરવું જેથી સુકારો ના આવે. | |
| | | • તુરિયા, કારેલા, દુધી, ગલકા,પરવળ, કાકડી, ગુવાર, ભીંડો, ચોળી, તુવેર, મૂળા,તાંદળજો, પાલકનું વાવેતર કરવું. | |
| ભીંડા | ફૂલ/ફળ | પાન કથીરી | • **ગરમ હવામાનના કારણે ભીંડામાં જો પાન કથીરીનો ઉપદ્રવ હોય તો ઇથીઓન ૩૦ મિલી પ્રતિ પંપ છંટકાવ કરવો.**<br>• ભીંડામાં શીન્ગોની વીણી કર્યા બાદ ૧૫-૨૦ કી.ગ્રા. યુરિઆ ખાતર પ્રતિ હેક્ટર આપવું. |

| | | | |
|---|---|---|---|
| **તુરીયા,<br>દૂધી,<br>ગલકા,<br>કારેલા,<br>ગુવાર,<br>કાકડી,<br>તરબુચ** | ફૂલ/ફળ | થ્રીપ્સ/ સફેદ માખી<br><br>કથીરી<br><br>તળછારો | • **ઉનાળુ શાકભાજીમાં સફેદમાખીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને ઈમીડાક્લોપ્રીડ ૩૦.૫ ટકા ૪ મિલી અથવા એસીટેમાપ્રીડ ૨૦ ટકા ૫ ગ્રામ દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.**<br>• **જો પાન કથીરીનો ઉપદ્રવ હોય તો ઇથીઓન ૩૦ મિલી પ્રતિ પંપ છાન્કાવ કરવો.**<br>• **વેલાવાળા શાકભાજીમાં તળછારાના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૪૦ ગ્રામ પ્રતિ પંપમાં મિશ્ર કરી છંટકાવ કરવો.** |
| રીંગણી | ફુલ/ફળ | **સફેદ માખી**<br><br>ડુંખ અને→ ફળ કોરી ખાનાર ઈયળ<br><br>**પાન કથીરી** | ➢ **સફેદ માખીના નિયંત્રણ માટે લીંબોળીનું તેલ ૫૦ મિલિ અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મીલી અને ડાયફેન્થાયુરોન ૫૦ ટકા વે.પા. ૧૬ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૫ મિ.લી. દવાને ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.**<br>➢ **ફળ અને ડોકાની ઈયળોનો ઉપદ્રવ હોય તો નુકશાન પામેલ ફળ અને ડોકા તોડીને જમીનમાં દાંટી દેવા અને ક્લોરાનટ્રાનીલીપ્રોલ ૧૮.૫ એસ.સી (રીનાક્ષીપાયર) દવા ૩ મિલી અથવા ડીડીવીપી ૭૬ ઈસી ૫ મિલી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરીને છંટકાવ કરવો.**<br>➢ **રીંગણમાં જો પાનકથીરીનો ઉપદ્રવ હોય તો પ્રોપરગાઈટ ૫૭ ઈ.સી. ૧૫ મિલી પ્રતિ પંપ છંટકાવ કરવો.** |
| મરચી | વૃધ્ધિ/ફુલ/ફળ | થ્રીપ્સ | ➢ મર્ચીમાં થ્રીપ્સના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ ૨૦ મીલી અને લીંબોળીનું તેલ ૫૦ મિલી અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫૦૦ મિલી ૧૦ લી. પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. થ્રીપ્સનો વધુ ઉપદ્રવ હોય તો સ્પીનોસાદ અથવા સ્પીનેટોરમ દવા ૫ મિલી. પ્રતિ પંપ છાંટવી. |
| **લીંબુ** | ફળનો વિકાસ | પાન કથીરી<br><br><br>સાયલા અને થ્રીપ્સ<br>   | • ઊંચા તાપમાનને કારણે લીંબુના બગીચામાં પાન કથીરીનો ઉપદ્રવ વધુ હોય તો તેના નિયંત્રણ માટે પ્રોપરગાઈટ દવા ૧૦ મિલી ૧૦ લીટર પાણીમા મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• તેના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ 30.5 ટકા ૫ મીલી અને લીંબોળીનું તેલ ૫0 મીલી અથવા લીંબોળીના મીંજનું ૫ ટકા અર્કનું દ્રાવણ ૫00 મીલી/૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. વધુ ઉપદ્રવ હોય તો ટ્રાયઝોફોસ ૪0 ટકા ૨0/૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• બદામી ટપકાના નિયંત્રણ માટે કોપર ઓક્ઝીક્લોરાઈડ ૪0 |

| | | | |
|---|---|---|---|
| | | બદામી ટપકાં<br><br>પાનકોરીયુ | ગ્રામ અને ૧.૫ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયક્લીનના બે છંટકાવ ૧૫ દિવસના ગળે કરવા.<br>• **પાનકોરીયુના નિયંત્રણ માટે ડીડીવીપી ૧૦ મી.લી. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરીને છાંટવી.** |
| પશુ/ મરઘા  | તાપમાન વધારે રહેવાના કારણે ઢોરને દિવસના સમયે છાયડામાં રાખવા અને મિનરલ મિક્ષ્ચર યુક્ત પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા કરવી. દુધાળા પશુઓને ઉનાળામાં ઠંડક આપવા પાણીનો છંટકાવ કરવો. ખોરાકમાં લીલા ચારનું પ્રમાણ વધારવું. શેડ અને મરઘા ઘરની પશ્ચિમ બાજુ ભીના કંતાન બાંધવા જેથી લુ ન લાગે. દુધાળા પશુઓના આઉને ઝીંક ઓક્સાઇડ અથવા બોરિક પાવડરથી બરાબર સાફ કરવું. પશુઓમાં **ખરવા મોવાસા**, **ગળસુંઢો** અને ગાંઠીયા તાવના રોગના નિયંત્રણ માટે રસીકરણ કરાવવું. બકરાઓમાં પીપીઆર રોગો માટે રસીકરણ કરવું. ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટ્રાઝ ૨ મી.લી. ૧ લીટર પાણીમાં નાખીને છાંટવી. વિટામીન એ તથા ડી પુરકો આપવા ત્થા દાણ/ખોળ સાથે મિનરલ મિક્ષ્ચર આપવું.. કરમિયાની દવા આપવી. | | |

જુકૃયુ/ટેકનિકલ ઓફિસર).સુખે/(એગ્રોમેટ/બુલેટીન / / ૨૦૨૦
તરઘડિયા(રાજકોટ), તારીખ:૦૯/૦૬/૨૦૨૦.

પ્રતિ,
તંત્રીશ્રી/ડાયરેકટરશ્રી,
રાજકોટ,

ઉપરોક્ત માહિતી આપના દૈનિક સમાચાર પત્રોમાં, રેડીયોમાં ગામના ચોરાના કાર્યક્રમમાં તથા ટીવીના ગ્રામ્ય કાર્યક્રમમાં વિના મૂલ્યે પ્રસિધ્ધ કરાવવા નમ્ર વિંનતી છે. સહકારની અપેક્ષા સહ આભાર.

ટેક્નીકલ ઓફિસર
સુકી ખેતીસંશોધન કેન્દ્ર
જુનાગઢ કૃષિ નિવર્સીટી
તરઘડીયા